ગાંધીનગર સમાચાર

## સેક્ટર-૨૫ સ્થિત હોટલ કેમ્બે સીલ

# કુંવરબાઈ મામેરા યોજના અંતર્ગત ૫૮.૯૦ લાખની સહાય ચુકવવામાં આવી છે

## ૧૦૮૫ ઓવરલોડ થયેલા ડમ્પરોને પકડ્યા છે : ૨૦ લાખથી વધુનો દંડ વસુલ્યો છે : ૧૯૯ એકમો સામે શ્રમ કાયદાના ભંગ સબબ કોર્ટ કેસ કરવામાં આવ્યા છે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના અંતર્ગત ૭૧૫ અરજીઓ છેલ્લા બે વર્ષમાં ૩૧-૧-૧૬ની સ્થિતિએ મળી હતી. જે પૈકી ૬૩૧ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને ૪૪ અરજીઓ ના મંજૂર કરવામાં આવી છે તેમ રાજ્યના સામાજિક ન્યાય અધિકારિતા વિભાગના મંત્રીશ્રી રમણલાલ વોરાએ કોંગીના શ્રી બળદેવજી ઠાકોરના એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

તેમણે તાલુકાવાર વિગતો આપતાં જણાવ્યું છે કે ગાંધીનગર તાલુકામાં ૧૪૯ અરજીઓ મળી હતી જેમાંથી ૧૩૧ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને ૧૮ નામંજૂર કરાઈ છે. માણસામાં ૧૨૩ અરજીઓ મળી હતી જેમાંથી ૧૨૨ મંજૂર કરાઈ અને ૧ અરજી નામંજૂર કરાઈ હતી. કલોલમાંથી ૨૮૮ અરજીઓ મળી હતી જેમાંથી ૨૬૫ અરજીઓ મંજૂર કરાઈ અને ૨૩ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે. દહેગામમાંથી ૧૫૫ અરજીઓ મળી હતી જેમાંથી ૧૫૩ મંજૂર કરાઈ અને ૨ અરજી નામંજૂર કરાઈ હતી.

મંત્રીશ્રી વોરાએ જણાવ્યુ હતુ કે ૧-૨-૧૪થી ૩૧-૧-૧૫ દરમ્યાન આ યોજના અંતર્ગત રૂ. ૩૫.૬૦ લાખની તથા ૧-૨-૧૫ થી ૩૧-૧-૧૬ દરમ્યાન રૂ. ૨૩.૬૦ લાખની મળી કુલ રૂ. ૫૮.૯૦ લાખની સહાય લાભાર્થીઓને ચુકવી આપવામાં આવી છે.



**વિધાનસભામાં ગાંધીનગર**
**- પ્રકાશ જહા**

**● અંધજન બેરોજગારને નોકરી**

કોંગીના ડૉ. તેજશ્રીબેન પટેલના એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં એક પણ અંધજનને રોજગારી આપવામાં આવી નથી.

**● ઔદ્યોગિક તાલીમ સંસ્થા**

ભાજપના શ્રી શંભીજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં આવેલ સરકારી ઔદ્યોગિક તાલિમ સંસ્થાઓ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શ્રમમંત્રીશ્રીએ જણાવ્યું છે કે જિલ્લામાં કલોલ, ગાંધીનગર, ગાંધીનગર (મહિલા) ચાંદખેડા, દહેગામ અને માણસામાં એમ કુલ ૬ ઔદ્યોગિક તાલિમ સંસ્થાઓ આવેલી છે.

આ ૬ ઔદ્યોગિક તાલિમ સંસ્થામાં ૨૭પ્રકારના વિવિધ કોર્ષનો અભ્યાસક્રમ વિદ્યાર્થીઓને શિખવાડવામાં આવે છે.

● અનુસંધાન પાન-૭ પર



હોલિકા દહન - વાદ-વિવાદોની વચ્ચે મંગળવારે સાંજે શહેરના કેટલાક વિસ્તારોમાં હોલિકા દહન યોજાયું હતું... ભાવપૂર્વક પૂજન-અર્ચન અને પ્રદક્ષિણાની પરંપરાના દશ્યો સેક્ટર-૭/સીમાં હોલિકા દહન દરમિયાન દશ્યમાન થયા... હજુ કેટલાક વિસ્તારોમાં બુધવારે સાંજે હોલિકા દહન યોજાશે... અને હોળીની જ્વાળાઓની દિશા પરથી વર્ષ દરમિયાન ચોમાસુ કેવું રહેશે તેની આગાહી પણ કરાશે... (તસવીર : દિપક જાની - કશ્યપ નિમાવત)

# સે-૩૦ ના ડેપોમાં લાકડા ન મળતા વન અધિકારી સામે સુત્રોચ્ચાર

## સવારથી જ ડેપોમાં મોટી સંખ્યામાં નાગરિકો લાકડા મેળવવા પહોંચી ગયા : લાકડા ન મળતા ભાવિકો આગ બબુલા

ગાંધીનગર તા ૨૨

હોળીના પર્વમાં હોળીપ્રાગ્ટય માટે લાકડા આપવાની વનતંત્રએ ના સુણાવી દેતા સ્થાનિક રહીશોમાં રોષની લાગણી વ્યાપી છે. જયારે આજે સે-૩૦ સ્થિત વિભાગના ડેપોમાં આજે સવારે એકત્રિત થયેલા વિવિધ મંડળો તેમજ સેકટરોના સ્થાનિક આગેવાનોએ જિલ્લા વન તંત્ર વિરૂધ્ધ સુત્રોચ્ચાર કરી આક્રોશ વ્યકત કર્યો હતો.

શહેરના મોટાભાગના સેકટરોમાં હોળીપ્રાગ્ટય કરવામાં આવે છે.સેકટરોમાં ભાવિકો શ્રધ્ધાપુર્વક હોળી દર્શન માટે જાય છે. જયારે હોળી પ્રાગ્ટય માટે દર વર્ષે વન તંત્ર દ્વારા લાકડા આપવામાં આવે છે. કંટ્રોલના ભાવે લાકડા મળી રહેતા સેકટરવાસીઓ સરળતાથી હોળીપ્રાગ્ટયની ઉજવણી કરે છે. પરંતુ આ વર્ષે વનતંત્ર દ્વારા લાકડા આપવા માટે ચોખ્ખો ન્નનો ભણી દેવાતા સ્થાનિક રહીશોમાં પ્રબળ આક્રોશ પ્રવર્તયો છે. વન તંત્ર દ્વારા થોડા સમય અગાઉ જ લાકડાની હરાજી કરી દેવાતા લાકડા આપી શકાશે નહીં તે વાતની અણિના ટાંણે નગરજનોને જાણ થઈ હતી જયારે આજે પણ સેકટરોના અગ્રણીઓ તેમજ આગેવાનો લાકડા મેળવવા માટે સે-૩૦ સ્થિત ડેપો ખાતે પહોંચ્યા હતા પરંતુ લાકડાની ઉપલબ્ધિના અભાવે ભાવિકોમાં રોષ પ્રવર્તયો હતો. વન તંત્રના આવા વલણ સામે મોટી સંખ્યામાં ઉપસ્થિત આગેવાનો આગ બબુલા બન્યા હતા. આ તબક્કે તેમણે જિલ્લા વન સંરક્ષખ અધિકારીના વિરૂધ્ધમાં સુત્રોચ્ચાર કર્યા હતા.

# પસંદગીના નંબરોની હરાજી પ્રક્રીયામાં આર.ટી.ઓ.ને ૧૨ લાખની આવક

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં ગોલ્ડન અને સિલ્વર નંબરોમાં પસંદગીના નંબરોની હરાજીમાં આર ટી ઓ તંત્રને રૂ ૧૨ લાખની આવક થઈ છે.કાર તેમજ બાઈકના નંબરો માટે પસંદગીના નંબરો માટે આર ટી ઓ તંત્રને કુલ ૯૧ અરજીઓ મળી હતી. જયારે કાર માટે જી જે ૧૮ બી એફ માં નંબર ૧ માટે રૂ ૧.૫૬ લાખની તગડી રકમ ચુકવાઈ હતી.

આર ટી ઓ તંત્ર દ્વારા વાહનોમાં પસંદગીના નંબરો મેળવવા માટે ગોલ્ડન તેમજ સિલ્વર કેટેગરીમાં હરાજીની પ્રક્રીયા હાથ ધરવામાં આવે છે. જયારે આર ટી ઓ કચેરી દ્વારા ફોર વ્હીલરમાં નવી શરૂ થયેલી જી જે ૧૮ બી એફની નવી સિરિઝ માટે પસંદગીના નંબરોની હરાજી યોજાઈ હતી. આ માટે આર ટી ઓ કચેરીને કુલ ૯૫ અરજીઓ મળી હતી. જયારે આ પૈકી ચાર અરજીઓ રદ થતા ૯૧ અરજદારોએ હરાજીમાં ભાગ લીધો હતો. જેમાં કાર માટેની જી જે ૧૮ બી એફની સીરીઝ માટે કુલ ૮૨ અરજીઓ પૈકી ત્રણ રદ

**ફોર વ્હીલરમાં નંબર ૧ માટે ૧.૫૬ લાખ ચુકવાયા**

થઈ હતી. જયારે નંબર એક માટે રૂપિયા ૧.૫૬ લાખ ચુકવાયા હતા. ૯૯૯ નંબર માટે રૂ ૭૫ હજાર ,ચાર ચોગ્ગા માટે ૫૬ હજાર, બે એક્કા માટે ૪૧૧૧૧ ચુકવાયા હતા. ટુવ્હીલરના નંબર માટે પણ કુલ ૧૧ પૈકી ૧૦ અરજદારોને પસંદગીના નંબરો ફાળવવામાં આવ્યા હતા. આ ઉપરાંત ટ્રાન્સપોર્ટેશન માટે પણ બે અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો હતો. હરાજીની પ્રક્રીયાના અંતે આર ટી ઓને કુલ ૧૨ લાખની આવક થઈ હતી.

# ૩૭ જેટલા ટાવરો બનાવી શહેરમાં ૧૧૩૬ આવાસો બનશે

## સચિવાલય સંકુલના ઉધાનો માટે ટ્રીટેડ વોટર સપ્લાયનું નેટવર્ક ઉભુ કરવા ૭ કરોડ ખર્ચાશે

ગાંધીનગર, તા. ૨૨

પાટનગર યોજના પ્રભાગ દ્વારા ગાંધીનગરમાં ૩૭ જેટલા ટાવરો બનાવી ૧૧૩૬ જેટલા આવાસો બનાવાવનો મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો હોવાનું રાજ્યના માર્ગ-મકાન મંત્રીશ્રી નીતિન પટેલે આજે રાજ્ય વિધાનસભા ગૃહમાં માર્ગ-મકાનની માંગણીઓ પરની ચર્ચાનો જવાબ આપતાં જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે રેઈન વૉટર હાર્વેસ્ટીંગ તથા સચિવાલય સંકુલના બગીચાઓમાં ટ્રીટેડ વૉટર પુરૂ પાડવા માટે પાઈપ-લાઈન નેટવર્કીંગની કામગીરી માટે રૂ. ૬.૬૨ કરોડ ફાળવવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# સે-૨૪માં પોસ્ટ અને પાઠયપુસ્તક કોલોનીમાં સી.સી. રોડના નિર્માણ માટે ૪૦ લાખ ખર્ચાશે

ગાંધીનગર તા ૨૨

સે-૨૪માં સી સી રોડનુ કામ પુર્ણ કરી દેવામાં આવ્યુ છે. સેકટરમાં દાયકાઓના અંતે રસ્તાઓની સુવિધા ઉભી કરવામાં આવી છે. જો કે હજુ સેકટરની પાઠયપુસ્તક કોલોની તેમજ પોસ્ટ કોલોનીમાં સી સી રોડનુ કામ બાકી છે.જે માટે અંદાજિત રૂ ૪૦ લાખના ખર્ચને મંજુરી આપવા દરખાસ્ત કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# સેક્ટર-૨૫ સ્થિત હોટલ કેમ્બે સીલ

## કેન્દ્ર સરકારના સર્વિસ ટેક્સ વિભાગે કરી કાર્યવાહી : સર્વિસ ટેક્સ પેટે રૂ. ૯૯.૩૩ કરોડનું ચુકવણુ બાકી હતુ

ગાંધીનગર, તા. ૨૨

શહેરના સેક્ટર-૨૫ ખાતે સ્થિત વૈભવી હોટલ કેમ્બેને કેન્દ્ર સરકારના સર્વિસ ટેક્સ ડિપાર્ટમેન્ટ દ્વારા સીલ મારી દેવાની કડક કાર્યવાહી કરી દીધી છે. સર્વિસ ટેક્સ તથા પેનલ્ટી મળીને ૧૦૦ કરોડથી વધુ રૂપિયાનું ચુકવણુ હોટલે કરવાનું બાકી હતુ જે પૈકી માત્ર ૧.૦૭ કરોડનું જ ચુકવણું કરવામાં આવ્યું હતું. બાકીના રૂ. ૯૯.૩૩ કરોડ માટે વારંવાર નોટીસો આપવા છતાં ચુકવણું કરવામાં ન આવતા આખરે નિશા લીઝર લીમીટેડની સે. ૨૫ ખાતે સ્થિત પ્રોપર્ટી હોટલ કેમ્બે સ્કેવરને સીલ મારી દેવામાં આવી છે.

નિશા લીઝર લી. એ અલગ-અલગ સ્થળોએ હોટલ ચેઈન ધરાવે છે. આ નિશા લીઝર લીમીટેડ દ્વારા સરકારને સર્વિસ ટેક્સ ચુકવવામાં આવ્યો ન હતો. સર્વિસ ટેક્સ ડીપાર્ટમેન્ટે તેમની સામે ૨૨ જૂન ૨૦૧૩ના રોજ ફરીયાદ દાખલ કરી હતી. ૧૯ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ રૂ. ૫૦,૩૩ કરોડ ટેક્સના લેવાના નીકળતા રૂપિયા તથા રૂ. ૫૦.૭ કરોડ પેનલ્ટી લાદવાનો નિર્ણય ડીપાર્ટમેન્ટે લીધો હતો. રૂ. ૧૦૦ કરોડથી વધુના ચુકવણા સામે નિશા લીઝર લી.એ. રૂ. ૧.૦૭ કરોડની ચુકવણી કરી હતી અને

● અનુસંધાન પાન-૭ પર













Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com